વર્ષ ૧ | અંક ૧ | જુલાઈ, ૨૦૨૨

"એક પગલું પ્રગતિશીલ પેરન્ટીંગ તરફ..."

# પેરન્ટોલોજી

## :: માતા-પિતાની પ્રાર્થના ::

હું પ્રાર્થના કરું છું કે હું મારાં બાળકોને એની પોતાની જિંદગી જીવવા દઉં, મેં જીવવાની ઈચ્છા કરી હતી તેવી જિંદગી નહીં, અને એટલે જે કરવામાં મને નિષ્ફળતા મળી હતી તે કરવાનો બોજ તેના પર લાદવા સામે હે પ્રભુ, મને સાવધ રાખજે.

તેણે જે લાંબો માર્ગ કાપવાનો છે તેને ખ્યાલમાં રાખીને હું તેનું આજનું ખોટું પગલું જોઈ શકું એ માટે મને સહાય કરજે પ્રભુ, અને તેની ધીમી ગતિ માટે ધીરજ રાખવા જેટલી ઉદારતા મને આપજે.

એની ઉંમરનાં નાના-નાના તોફાનો સામે કયારેક હસી લેવું, અને તેને જેનો ભય લાગે છે ને જેના પર તે કાબૂ મેળવી શકતો નથી તેવા આવેગો સામે કયારેક સંરક્ષકદઢતાથી કામ લેવું, તે જાણવા જેટલું ડહાપણ તું મને આપજે.

તેના ગુસ્સાભર્યા શબ્દોનો કોલાહલ ભેદીને કે તેના ગૂમસૂમ મૌનની ખાઈ ઓળંગીને તેના હૃદયની વ્યથા સાંભળવામાં મને સહાય કરજે. હે પરમાત્મા ! મને એ ઔદાર્ય આપજે, જેથી અમારા વચ્ચેની એ ખાઈ હું હૂંફભરી સમજદારી વડે પૂરી શકું.

હું પ્રાર્થના કરું છું કે મારો અવાજ ઊંચો થઈ જાય તો પણ કાંઈક કર્યું હોય તે માટેના ગુસ્સાને લીધે નહીં, પણ તે જે છે તેના આનંદોલ્લાસને લીધે. જેથી રોજે રોજ તે પોતાની જાતમાં શ્રદ્ધા સાથે મોટો થતો રહે છે.

મને સહાય કર કે હું એને એવી ઉષ્માથી મારા હૃદયસરસો ચાંપી શકું. જેથી બીજાઓ પ્રત્યે તેનામાં મૈત્રીભાવ પ્રગટે અને પછી મને ધૈર્ય આપ કે તેના માર્ગ પર તે મજબૂતીથી આગળ વધી શકે તે માટે તેને મુકત કરું.

('પરમસમીપે' માંથી)



જીવનનાં પ્રત્યેક નાનાં-મોટા કાર્ય કરતા પહેલા આપણે તે અંગેની જાણકારી મેળવતા હોઈએ છીએ. ઘણા કામ કે ક્ષેત્ર એવા છે જેમાં આગળ વધવા માટે આપણે ભણવું પડે, સર્ટિફિકેટ લેવું પડે, ડીગ્રી લેવી પડે અને ડીગ્રી લીધા પછી અનુભવ પણ મેળવવો પડે.

ટૂંકમાં કલાર્કથી લઈ મિકેનિક સુધી, ડૉકટરથી લઈ CA સુધી કે પછી ઈન્સપેકટરથી લઈ IAS સુધી કંઈ પણ બનવું હોય તો તેના માટેની સ્કૂલ, કોલેજ, તાલીમ કેન્દ્ર, અભ્યાસક્રમ અસ્તિત્વમાં છે પણ આપણે ત્યાં માતા-પિતા બનવા માટે કોઈ અભ્યાસક્રમ કે સર્ટીફિકેટ મેળવવું જરૂરી નથી. તેમજ માતા-પિતા બન્યા પછી પણ બાળકોનાં સારા ઉછેર માટે કોઈ સ્પેશિયલ તાલીમ કે મટીરીયલ નથી.

આપણે કોઈ નવી વસ્તુ ખરીદીએ ત્યારે તેની સાથે તેને કેવી રીતે વાપરવી તેનું માર્ગદર્શન મળે તે માટે મેન્યુઅલ આપવામાં આવે છે. બસ આવી રીતે જ વસિષ્ઠ ગ્રૂપ ઓફ સ્કૂલમાં અભ્યાસ કરતાં બાળકોનાં માતા-પિતા ને બાળકોના ઉછેર અંગે થોડું માર્ગદર્શન, સમજણ અને દિશા સૂચન મળી રહે તેવા ઉમદા હેતુ થી 'પેરન્ટોલોજી' એક પગલું પ્રગતિશીલ પેરન્ટીંગ તરફ... માસીક અંક શરૂ કરીએ છીએ. જેનો પ્રથમ અંક તમે વાંચી રહ્યા છો.

> "આપણી ચિંતા એ હોય છે કે,
> બાળકો માટે કેવું ભવિષ્ય મૂકી જવું છે
> ખરેખર ચિંતા એ કરવાની છે કે,
> ભવિષ્ય માટે કેવા બાળકો મૂકી જવા છે."

જો આપણે ભવિષ્ય માટે ઉત્સાહી, આત્મવિશ્વાસુ, સંસ્કારી, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ ધરાવતા, તેજસ્વી, સૌને લઈ ચાલનારા, નૈતૃત્વ શક્તિ ધરાવતાં, સમાજને સમર્પિત અને દેશદાઝ ધરાવતા બાળકો મૂકી જઈશુ તો આપણે ભારતીય સંસ્કૃતિ અને ભવિષ્યનાં ભારતની કોઈ ચિંતા કરવાની જરૂર નથી.

આવા બાળકોનાં શ્રેષ્ઠ ઉછેર માટે માતા-પિતા તરીકે આપણે સતત નવું નવું જાણવું, શીખવું, વાંચવું, સમજવું જરૂરી છે. આપ સૌને આ દિશામાં આગળ વધવા પ્રેરણા મળી રહે તે માટેનો નમ્ર પ્રયાસ એટલે...

"પેરન્ટોલોજી" એક પગલું પ્રગતિશીલ પેરન્ટીંગ તરફ....

# બાળકને વ્યસ્ત કેવી રીતે રાખી શકાય ?



બાળકો શાળામાં અભ્યાસની સાથોસાથ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ કરતા હોય છે. શાળામાં આયોજિત સહઅભ્યાસ પ્રવૃત્તિઓ મર્યાદીત સમય માટે હોય છે. આ પ્રવૃતિઓથી બાળકને પોતાને કઈ પ્રવૃત્તિમાં વધુ રસ છે... ગમે છે... મજા આવે છે... વારંવાર કરવાનું મન થાય છે... થાક લાગતો નથી વગેરેની ખબર પડતી હોય છે.

શાળા સમય સિવાય ઘરે બાળક પાસે વધુ સમય હોય છે. આ સમયમાં બાળકોને વ્યસ્ત રાખવા એ માતા–પિતા માટે સૌથી મોટો પડકાર છે. આ સમયમાં બાળકો કઈ પ્રવૃત્તિ કરી શકે તેનું માર્ગદર્શન મળી રહે તેવા હેતુથી અહી થોડાક ઉકેલ આપ સૌ સમક્ષ મૂકવાનો પ્રયત્ન કર્યો છે. આપ બાળકોની ઉંમર, રસ, રુચિ, સમય, અનુકૂળતાને ધ્યાનમાં રાખી આમાંથી પસંદગી કરી બાળકોમાં નવા નવા કૌશલ્યનો વિકાસ કરી શકશો.

- બાળકોમાં વાંચનનો શોખ ૫ થી ૬ વર્ષની ઉંમરથી કેળવવામાં આવે તો બાળકો વાંચનમાં વ્યસ્ત રહેતાં હોય છે.
- બાળકોને ૭ વર્ષની ઉંમરથી Sports, Drawing, Music, Dancing કે Craft Skill વિકાસમાં જોડવામાં આવે તો બાળકો સારી રીતે વ્યસ્ત રહી શકે છે.
- બાળકોને ઘરના નાના–મોટાં કામ શીખવવામાં આવે, જેવાં કે સફાઈ, ગોઠવણી, ડેકોરેશન, રસોઈમાં મદદ, ઘરની સજ્જતા, ખરીદી, વસ્તુની સાચવણી શીખવવામાં આવે તો બાળકો વ્યસ્ત રહેતાં હોય છે.
- બાળકોને ૭ વર્ષની ઉંમરથી જ સારા મિત્રો કેમ બનાવવા, કેવી રીતે સંબંધ સાચવવા, મિત્રો સાથે ભળીને કેમ રહેવું, પોતાની વસ્તુ મિત્ર સાથે કેવી રીતે વહેંચીને વાપરવી તેવું જો શીખવી શકાય તો બાળકો વ્યસ્ત રહી શકે છે.
- ઘરમાં ટીવી અને કમ્પ્યૂટર તેના ફ્રી ટાઈમના ફ્રેન્ડ ન બની જાય તે માતા–પિતાએ જોવું જોઈએ.
- બાળકોને Swimming, Skating, Gymnastics અને Karate જેવાં શોખ કેળવીને વ્યસ્ત રાખી શકાય છે.
- વેકેશનમાં ૧૨ વર્ષની ઉંમરથી બાળકોને નેચર, એનવાયર્મેન્ટ, એડવેન્ચર કેમ્પમાં સલામતીનું ધોરણ ચેક કરી સારા પરિપક્વ કોચ સાથે અચૂક મોકલવા જોઈએ.
- બાળકોમાં ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, ગણિત કે ભાષામાં વધારે રૂચિ હોય તો તેવા Development Centre શોધી બાળકોને તેમાં પરોવવા જોઈએ.
- બાળકોમાં સ્ટૅમ્પ, કૉઈન્સ, કાર્ડ, પાંદડાં, પીંછાં, પક્ષીઓની માહિતી એકઠી કરવાનો શોખ કેળવાય તો બાળકો વ્યસ્ત રહેતા હોય છે.
- બાળક સાથે માતા–પિતા રોજ થોડું ચાલવા જાય, બગીચામાં જાય, ઘરે ચૅસ કે કેરમ રમવાનો સમય ફાળવે તો બાળકોને વ્યસ્ત રાખી શકાય છે, સૌથી ઉત્તમ તો માતા–પિતા પોતે વાંચન શોખ ધરાવતા હોય તો, વાર્તા, કથન દ્વારા વ્યસ્ત રાખી શકે.
- ઘરની નજીક skill development center, community science center, maths કે language lab તેમજ Library જેવાં સેન્ટર હોય તો ત્યાં સતત જવાની આદત કેળવવી જોઈએ.
- બાળક જયારે આ પ્રકારની પ્રવૃતિમાં જોડાય ત્યારે માતા–પિતાએ શંકાશીલ કે ભય રાખ્યા વગર તેનામાં વિકસતા શોખને જીવન સાફલ્યમાં કેમ ફેરવી શકાય તે શોધી કાઢવું જોઈએ.
- આ પ્રકારની પ્રવૃતિ માટે માતા–પિતા એ જાગૃત રહીને પ્રયત્ન કરવા જોઈએ.
- જાગૃત માતાપિતા બાળકોને તેમની નબળાઈમાંથી બહાર લાવવા આ Free time માં Creative કે Innovative ઉપયોગ કરી શકે છે. જેમ કે બાળકના અક્ષરો સુધારવા, તેનો શોખ કેળવવા સમયનું યોગ્ય ઉપયોજન.
- બાળકની ભાષા, મેનર્સ, વલણ સુધારવાના સેન્ટર ચાલતા હોય છે ત્યાં મોકલી શકાય.
- બાળકમાં યોગ, આસન, પ્રાણાયમ શીખવાનું આયોજન કરી શકાય.
- વિવિધ ધાર્મિક સંપ્રદાયો દ્વારા ચાલતા youth centre, kids centre ખૂબ સારું કાર્ય કરતાં હોય છે. એમાં પણ પ્રવૃત્ત કરી શકાય.



# એક રાસ્તા હૈ જિંદગી, જો થમ ગયે... તો કુછ નહીં !



કારકિર્દી

એક મુસાફર બરફીલા પર્વતના શિખરે ચડવા માટે યાત્રા કરતો હતો. રસ્તામાં બરફનું તોફાન હતું. મુસાફર થાકયો હતો, વસ્ત્રો ફાટયા હતા. ખોરાક ઓછો હતો, અને જોખમ વધુ હતું. રસ્તામાં એક વિરામ સ્થળે એ રોકાયો એને પૂછવામાં આવ્યું કે, આ બધી વિપત્તિઓ વચ્ચે એ પર્વતની ટોચે કઈ રીતે પહોચશે?

'હું પહોંચીશ'. મુસાફરે ખુમારીથી જવાબ આપ્યો, 'કારણ કે મારું હ્રદય તો મારી મંઝિલ પર પહેલા જ પહોંચી ગયું છે. હવે બાકીના શરીરે તો એને અનુસરવાનું છે.''

**કરિઅર એટલે કારકિર્દી અને એમ્પ્લોયમેન્ટ એટલે રોજગાર.**

બંનેમાં ફરક શો? અત્યારે તો જેમાં વધુ કમાણી એ કરિઅર, એવું સાદુ સમીકરણ બેસી ગયું છે પણ વાત આટલી સીધી સાદી નથી. આ તો રોજગારની વ્યાખ્યા થઈ. કામ કરો ને દામ મેળવો. કરિઅરમાં આ બંને ઉપરાંત પણ એક ચીજ છે એ છે નામ. રેપ્યુટેશન. આ ગીત તો સોનુ નિગમ સિવાય બીજું કોઈ ગાઈ જ શકે નહિ એવું જયારે કહેવાય ત્યારે સોનુની કરિઅર બની કહેવાય! કરિઅર સેલ્ફ આઈડેન્ટીટીનું રિફલેકશન છે. એમાં શ્રેષ્ઠ પ્રયત્નો અને શ્રેષ્ઠ પરિણામોની સાધના છે. કરિઅરમાં પાસિંગ માર્કસ હોતા નથી. આ 'ધ બેસ્ટ' લોકોની કલબ છે. જયાં ૧૦૦% નહી, ૧૦૧% નહી, ૧૧૦%, ૧૫૦% પરફોર્મન્સ આપવું પડે છે નહી તો પબ્લિક અમિતાભ બચ્ચનથી લઈને રાહુલ દ્રવિડને દરવાજો બતાવી શકે છે.

કરિઅર પસંદ કરવાના આપણા કારણો અને તારણો વિચિત્ર છે. શેર–બજારિયાઓની માફક આજના પગાર અને તકોના આધારે કોર્સનો નિર્ણય લેવાઈ જાય છે. પાંચ વર્ષ પછીની સ્થિતિનો કોઈ અંદાજ મુકતું નથી. બહેનપણી કે ભાઈબંધને પુછીને એની પાછળ–પાછળ એ જ કોર્સ કે સંસ્થામાં દાખલ થવાના નિર્ણય લેવાઈ જાય છે. કોઈ જાગૃત માતપિતા વળી સાહેબ લોકોને પૂછીને સર્વેક્ષણ કરે છે. પોતે ધારેલ અનુમાન પર એમને બીજા લોકોનો સ્ટેમ્પ મરાવવો હોય છે, જેથી ભવિષ્યમાં પ્રોબ્લેમ્સ થાય તો એમની કશી જવાબદારી જ નહિ! સવાલ એ થાય તો વળી કરિઅર ચોઈસ માટે કોને પૂછવું ?

**બેસ્ટ કરિઅર ચોઈસ માટે 3T ફોર્મ્યુલા છે. 'થ્રી ટી' યાને ટાઈમ, ટેસ્ટ, ટ્રેઝર.**



**Time :** જે તે કરિઅર જમાવવા માટે જેટલો સમય આપવો એ આપણી પાસે છે કે નહી? એટલી ધીરજ છે? બીજા કશા પરિબળો નડે એમ નથી ને? ભવિષ્યમાં કંટાળો નહિ આવે ને? ભવિષ્યનો સમય આ કરિઅરમાં આનંદમાં જશે ને? પાછળથી સમયની 'તાણ' મનનો 'સ્ટ્રેસ' નહી વધારે ને?



**Taste :** બીજી અને સૌથી મહત્વની વાત ટેસ્ટ. ના Test વાળી પરીક્ષાની વાત નથી. આ વાત છે Taste વાળા સ્વાદની. યાને આપણા રસ અને રૂચિની. ન ગમતા ક્ષેત્રમાં રસ ન પડે તો સમય ન અપાય. સમય ન અપાય તો ગુણવત્તા ન જળવાય. ગુણવત્તા ન હોય તો કશું યાદ ન રહે. યાદ ન રહે તો નિષ્ણાંત ન બનાય. નિષ્ણાંત ન બનો તો કરિઅર ન બને? અને તમને ગમતું કામ કરો, તો થાક ન લાગે!



**Treasure :** ત્રીજું ટ્રેઝર યાની ખજાનો. જે–તે કારકિર્દી ઘડવા માટે કેટલા રૂપિયા રોકી શકાય તેમ છે? કેરિઅર રિસોર્સીસ વિના બનતી નથી. બુકસ, સીડી, કોમ્પ્યૂટર, ટ્રાવેલિંગ.. આ બધો બેસ્ટ કરિઅર માટેનો ખર્ચ નથી. રોકાણ છે. જેટલું વધુ ઈન્વેસ્ટમેન્ટ એટલું સારું રિટર્ન અને વધુ વળતર જોઈએ, તો રોકાણ ટૂંકા ગાળાનું નહિ, પણ લાંબા ગાળાનું જોઈએ. સદ્નસીબે, ટેલેન્ટેડ વ્યકિત પૈસાના અભાવે ભણી ન શકે એ યુગ ગાડાઓ અને ફાનસોની સાથે જ આથમી ગયો છે.

તો યારો, પૂછો તમારી જાતને ! તમે આજથી ૧૦ વર્ષ પછી તમારી જાતને કયાં જોવા માંગો છો ? આંખો મીંચો અને વિચારો ! તમારી અવસાન નોંધમાં તમે શું કરી ગયા, એવું લખાય તો તમને સંતોષ થાય ? બધા પાસે ફકત એક જ જિંદગી હોય છે. રાષ્ટ્રપતિ પાસે પણ અને પટાવાળા પાસે પણ! એની તમને મજા પણ આવે અને કંઈક જગત નોંધ લે એવું કરી બતાવવા શું કરી શકાય ? જે જવાબ મળે, એમાં કરિઅર શોધવાનો પ્રયત્નો કરો!

૨૧મી સદીનો કરિઅર મંત્ર ૧૦ વર્ષ અગાઉ વિચાર્યો હતો : **અર્ન ફાસ્ટ, લર્ન ફાસ્ટ** (Earn Fast, Learn Fast) બધાને ઝટપટ અર્નિંગ (કમાણી) જોઈએ છે, પણ કોઈને લર્નિંગ (શીખવા) માટે સ્પીડ પકડવી નથી! લાગવગની ચિઠ્ઠીઓ કે નસીબના જોરે તક મળે છે, પણ તક જાળવી શકાતી નથી. ઈનામમાં મળેલી કારને પણ ચલાવવા માટે ડ્રાઈવીંગ શીખવું પડે છે. કાર મફત મળી શકે, ડ્રાઈવીંગની સ્કીલ અર્થાત આવડત નહી ! **નો પેઈન, નો ગેઈન !**

પહેલા કરતા આજે કરિઅર સ્વીચઓવર બેશક વધુ આસાન છે. ડૉકટર સિંગર બની શકે છે અને એન્જિનિયર પોલિટિશ્યન, ટીચર ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ બને અને એકાઉન્ટન્ટ એજયુકેશનાલીસ્ટ! પણ અગેઈન ફિલ્મી ડાયલોગ ફટકારીએ તો સૈફ અલી 'રેસ' માં બોલે છે. તેમ, ''મૈં સોચ કર ફૈસલા કરતા હૂં, ફૈસલા કર કે સોચતા નહિ!''

સમગ્ર વર્ષ દરમિયાન આવતી રજાઓમાં મજા કરતા કરતા દિમાગની બત્તી જલાવતા જાવ. કયો કોર્સ સારો ! કઈ ઈન્સ્ટિટયુટમાં પ્લેસમેન્ટ મળશે? કઈ કરિઅરનું ફયુચર બ્રાઈટ છે આવું બધું પૂછવાને બદલે એક લિસ્ટ બનાવો. જે આવડે છે, જેમાં રસ છે એ બાબતો પ્લસ સાઈડમાં, જે નથી આવડતું, નથી ફાવતું એ માઈનસ સાઈડમાં. નક્કી કરો કે થોડી મહેનત, માર્ગદર્શન, મુદ્દત પછી કેટલા ઉધાર પાસાએ જમા બાજુએ આવી શકશે? અને પછી જે કરિઅર ગમતી હોય એના લાંબા ગાળાના વિચારો. આપણી કેટલી એસેટ્સ (પ્લસ પોઈન્ટ્સ) એમાં ફિટ હશે, અને કેટલી નબળાઈઓ સ્પીડબ્રેકર બનશે, એ નક્કી કરો. **વન્સ યુ મેઈક ડિસિશન.. જસ્ટ ગો ફોર ઈટ...! ''એક બોલ મેં દો ચૌકે ઔર લાઈફ મૈં દો મૌકે કભી નહીં આતે.''**

– જય વસાવડા

('જય હો...'પુસ્તક માંથી સાભાર)



# 25 Tips for Parenting



- તમારા બાળકને શાળામાં પસાર કરેલા દિવસની દિનચર્યા વિષે પૂછો.
- તમારા બાળકના દિવસની શરૂઆત તેના મનપસંદ નાસ્તાથી કરો.
- સારા કાર્ય માટે તમારા બાળકને અભિનંદન પાઠવો.
- તમારા બાળકની પ્રગતિની શિક્ષક સાથે ચર્ચા કરો.
- વાંચવા માટે તમારા બાળકને પ્રોત્સાહિત કરો.
- તમારા બાળકને રસ પડે તેવા શૈક્ષણિક રમકડાં કે સાધનો ભેટ આપો.
- તમારા બાળકને વારંવાર પ્રેમપૂર્વક આલિંગન કરો.
- કૌટુંબિક સામાન્ય નિર્ણયોમાં તમારા બાળકનો સમાવેશ કરો.
- તમારા બાળક સાથે પુસ્તકાલયમાં જાઓ અને સાથે બેસી વાંચન કરો.
- તમારા બાળકના અભિપ્રાય તમારાથી અલગ હોવા છતાં તેમના મતનો આદર કરો.
- તમારા બાળક સાથે પસંદગીના કાર્યક્રમોને ટેલિવિઝન પર નિહાળો.
- બાળકથી થઈ શકે તેવા ઘરનાં સરળ કાર્યમાં બાળકને સામેલ કરો.
- તમારા બાળકના વર્તનમાં આવેલા બદલાવને નોંધો અને ચર્ચા કરો.
- તમારા બાળકને વર્ગના અન્ય બાળકની તેમજ શાળાની મદદ કરવા પ્રેરો.
- તમારા બાળકને મોટા પાયે વાર્તાની ચોપડી પૂરી પાડો.
- તમારા બાળક સાથે રસપૂર્વક વિવિધ સ્થળોની મુલાકાત લો.
- તમારા બાળકના વિનોદી નિવેદનની નોંધ રાખો.
- તમારા બાળકના રસ અને શોખમાં ભાગ લેવા પ્રયત્ન કરો.
- તમારા બાળક બહાર મુક્ત રીતે રમી શકે એ રીતે પ્રેરો.
- પ્રશ્નોત્તરી એ સારો ભાગ છે, જેના દ્વારા તમે બાળકની પ્રગતિ માપી શકો.
- તમારા બાળક સાથે એ રીતે કામ કરો કે તેની વર્તણૂક સામાજિક ધારા-ધોરણ જેવી થાય.
- તમારા બાળકને કાર્ય કરવા પ્રોત્સાહન આપી પરિણામો મેળવો.
- તમારા બાળકોના અગત્યના પ્રસંગોમાં સહભાગીદાર બનો.
- તમારા બાળકોની દિનચર્યા નક્કી કરો, તેને અનુસરવામાં તેની મદદ કરો.
- સૂતા પહેલા તમારા બાળકો સાથે દિનચર્યા કેવી રહી તેની ચર્ચા કરો.





☛ ઉપર જણાવેલ સૂચન વારંવાર વાંચો અને કેટલો અમલ કરી શકાય છે તેની નોંધ લો.


## VASISHTHA GROUP OF SCHOOL

**શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ.**
ગુજરાતી માધ્યમ / દ્વિભાષી માધ્યમ
જુ.કે.જી. થી ધો. ૧૨ સાયન્સ/કોમર્સ
☎ 02621 255551/3 ✆ 91734 02809 / 91733 15555
www.vasishtha.net

**વસિષ્ઠ જેનેસિસ સ્કૂલ, બાબેન.**
ગુજરાતી માધ્યમ
ધો. ૧ થી ૧૨ સાયન્સ/કોમર્સ
☎ 02622 225542/43 ✆ 91576 44555
www.vasishthagensisschool.net

Vasishtha group of school